સંક્ષિપ્ત

# આશૌચ–દર્પણ

## ( સૂતક–નિર્ણય )

આપણા ધર્મશાસ્ત્રમાં આશૌચ (સૂતક)ના બે પ્રકાર વર્ણવેલા છે : (૧) જનનાશૌચ (પીંડરુ) અને (૨) મરણાશૌચ.

બન્ને પ્રકારના આશૌચમાં બ્રાહ્મણને દશ રાત્રિ, ક્ષત્રિયને બાર રાત્રિ, વૈશ્યને પંદર રાત્રિ અને શૂદ્રને એક માસનું સૂતક લાગે છે.

પીંડરુ વિષે આપણે પ્રથમ જાણી લઈશું. પહેલાથી ચોથા મહિના સુધી 'ગર્ભસ્રાવ' કહેવાય છે; પાંચથી છ મહિના સુધી 'ગર્ભપાત' કહેવાય છે; ત્યાર પછી 'પ્રસૂતિ' કહેવાય છે.

## ૧. પીંડરુ

(૧) ગર્ભસ્રાવમાં ત્રણ દિવસ, ગર્ભપાતમાં પાંચ કે છ દિવસ માત્ર માતાને લાગે; બાકીના સાત પેઢીઓને સ્નાન માત્ર લાગે.

(૨) પીંડરુમાં પુત્રનો જન્મ થયો હોય તો પિતાએ જન્મની ખબર સાંભળતાં જ સવસ્ત્ર સ્નાન કરી, પુત્રનું મુખ જોઈને ફરી વાર સવસ્ત્ર મંગલ સ્નાન કરવું.

(૩) પુત્રીના જન્મમાં સ્નાન કરવાની આવશ્યકતા નથી.

(૪) પિતાને પીંડરુ સંપૂર્ણ લાગે.

(૫) સમય વીત્યા પછી સાંભળવામાં આવે તો પીંડરુ લાગતું નથી. ફક્ત પુત્રના પિતાને સ્નાન માત્ર લાગે.

(૬) પુત્રવતી પ્રસૂતિકા (સુવાવડી)ને એક માસ પર્યંત અશુદ્ધિ રહે છે. એકત્રીસમે દિવસે ઉપવાસ કરીને શુદ્ધ થાય છે. એટલે કે, ત્યારે જલસ્પર્શનો અને રસોઈ કરવાનો અધિકાર થાય છે.

(૭) પુત્રીવતી ચાલીસમે દિવસે શુદ્ધ થાય છે.

(૮) બંનેની (પુત્ર તેમજ પુત્રીની) માતાની અસ્પૃશ્યતા વીસમે દિવસે જ દૂર થાય છે. એટલે કે, પરસ્પર અડકી શકાય છે.

(૯) બંને આશૌચમાં હવેલી-મંદિરે સામગ્રી ન પહોંચાડી શકાય અને સેવામાં નાહી ન શકાય. પીંડરુમાં ગૃહસેવા પટવસ્ત્રથી થઈ શકે; જલનો સ્પર્શ ન થાય.

(૧૦) પુત્રજન્મમાં નાલછેદન પહેલાં સોનું, ધાન્ય, વસ્ત્ર, ઘી, ગાય વગેરેનું દાન આપી શકાય છે, તેમજ છઠ્ઠે દિવસે છઠ્ઠીપૂજા કરી શકાય અને હવેલી-મંદિરે સામગ્રી પણ પહોંચાડી શકાય.

(૧૧) વિવાહ પછી પુત્રી, પિતાને ઘેર બાળકને જન્મ આપે કે બાળક મરણ પામે તો પુત્રીના માતા-પિતાને પીંડરુ તથા સૂતક-બંને લાગે.

(૧૨) પુત્રી તેના સાસરે બાળકને જન્મ આપે તો પુત્રીના પિતૃપક્ષમાં પીંડરુ લાગે નહીં.

# ૨. સૂતક

(૧) મરણ આશૌચના ચાર પ્રકાર છે : ૧. સંપૂર્ણ, ૨. ત્રણ રાત્રિ, ૩. પક્ષિણી અને ૪. એક રાત્રિ.

અ. બ્રાહ્મણને દશ રાત્રિ, ક્ષત્રિયને બાર રાત્રિ, વૈશ્યને પંદર રાત્રિ અને શુદ્રને એક માસ સૂતક પાળવું—એ સંપૂર્ણ સૂતક કહેવાય છે. સંપૂર્ણ સૂતકમાં બ્રાહ્મણ બારમે દિવસે, ક્ષત્રિય તેરમે દિવસે અને વૈશ્ય સોળમે દિવસે શુદ્ધ થાય.

આ. 'ત્રણ રાત્રિ'ના સૂતકમાં ચોથે દિવસે શુદ્ધ થાય.

ઇ. 'પક્ષિણી' એટલે દિવસે મરણ થાય તો બે દિવસ અને એક રાત્રિ, તથા રાત્રિએ મરણ પામે તો બે રાત્રિ અને એક દિવસ.

ઈ. 'એક રાત્રિ'ના સૂતકમાં બીજે દિવસે શુદ્ધ થાય. રાત્રિ, અગ્નિસંસ્કાર પછી જ ગણાય.

(૨) મૂળ પુરુષથી લઈને સાત પેઢી સુધી 'સપિંડ' કહેવાય; આઠથી ચૌદ પેઢી સુધી 'સમાનોદક' કહેવાય; અને પંદરથી એકવીશ પેઢી સુધી 'સગોત્ર' કહેવાય.

સપિંડોનું પૂરું સૂતક લાગે; સમાનોદકનું ત્રણ રાત્રિનું લાગે; અને સગોત્રનું એક રાત્રિ લાગે.

(૩) બંધુત્રય : બાંધવોના ત્રણ પ્રકાર શાસ્ત્રમાં બતાવ્યા છે.

૧. ફોઈના દીકરા, માસીના દીકરા, મામાના દીકરા- આ 'આત્મબાંધવ' કહેવાય છે. ૨. પિતાની ફોઈના દીકરા, પિતાની માસીના દીકરા, પિતાના મામાના દીકરા— આ 'પિતૃબાંધવ'

કહેવાય છે; ૩. માતાની ફોઈના દીકરા, માતાની માસીના દીકરા, માતાના મામાના દીકરા—આ 'માતૃ બાંધવ' કહેવાય છે.

આ 'બંધુત્રય' (ત્રણ પ્રકારના બાંધવ)માંથી કોઇ એકનું મરણ થાય તો ૧॥ રાત્રિનું સૂતક લાગે છે.

(૪) ફોઇની દીકરી, માસીની દીકરી, તથા મામાની દીકરી વિવાહિત હોય તો તેનું એક દિવસ સૂતક લાગે. અવિવાહિત હોય તો દોઢ દિવસ લાગે.

(૫) સૂતકનો પ્રારંભ કયારથી ?— પીંડરુની શરૂઆત જન્મસમયથી થાય છે. મરણ સૂતકની શરૂઆત સામાન્ય રીતે મૃત્યુકાલથી જ થાય છે, પછી દાહ કયારે પણ થયો હોય. પરંતુ કોઈ 'અગ્નિહોત્રી' હોય તો તેનું સૂતક દાહ કર્યા પછી જ શરૂ થાય છે.

(૬) મરણ કયારે પણ થયું હોય, પણ તે સાંભળવામાં આવે ત્યારે સ્પર્શનો તેમજ કર્મ કરવાનો નિષેધ લાગુ પડે છે; તે પહેલાં નહીં.

(૭) આશૌચની પૂરેપૂરી નિવૃત્તિ એક વરસે થાય છે. સ્રીને પતિનું આશૌચ એક વરસ રહેતું હોવાથી જો તે મરજાદી હોય તો પોતાના શ્રીઠાકોરજીને ભોગ ધરીને પ્રસાદ લઈ શકે; પણ વરસ પછી મુંડન કરાવી, શુદ્ધ થઈ, શ્રીગુરુદેવની આજ્ઞાથી પોતાના શ્રીઠાકોરજીને 'પંચામૃત' કરાવે ત્યારે બીજો મરજાદી-વર્ગ યથાવત્ ભોજન તથા જલપાન કરી શકે.

(૮) સૂતકમાં દર્શન— 'શૃંગાર' અને 'ભોગ'ના સમયમા ઝારીજી ઊઠયા પછી જ સૂતકીને દર્શન થઈ શકે; બીજા કોઈ સમયમાં નહીં.

પીંડરુમાં દરેક સમયમાં દર્શન થઈ શકે.

(૯) બાળક જન્મીને મરણ પામે અથવા મરેલું જ જન્મે તો સપિંડોને સૂતક ન લાગે, માત્ર પીંડરુ લાગે.

(૧૦) દશ દિવસ પછી નામ પાડયા પહેલાં બાળક મરણ પામે તો માબાપને ત્રણ રાત્રિનું સૂતક લાગે અને સપિંડોને સ્નાન માત્ર લાગે.

## ૩. સગોત્ર મરણાશૌચ

૧. અનૌરસ પુત્રનું ૩ રાત્રિ.

૨. કન્યાનું ચૌલકર્મ પર્યંત ત્રણ પેઢી સુધી સ્નાન.

૩. ,, ચૌલકર્મ પછી વાગ્દાન (સગાઈ) પૂર્વે ૧ દિવસ.

૪. ,, વાગ્દાન પછી અને લગ્ન પૂર્વે સાસરિયાં તથા પિયરિયાં—બન્નેને ૩ રાત્રિ.

૫. પુત્રીનું (લગ્ન થયા પછી) માતા-પિતા બન્નેને ૩ રાત્રિ.

૬. કુંવારી કન્યાને માતા-પિતાનું સંપૂર્ણ.

૭. ધણિધણિયાને પરસ્પર સંપૂર્ણ.

૮. પીંડરુમાં બાળક મરે તો સ્નાન.

૯. બાળક (પુત્ર)ને દાટવામાં આવે તો નિકટના સંબંધીઓને સ્નાન.

૧૦. બાળકનું, દાહ કરેલાનું નિકટકના સંબંધીઓને ૩ દિવસ.

૧૧. ,, દાંત આવ્યા પૂર્વે દાટે તો ,, સ્નાન

૧૨. ,, દાંત આવ્યા પછી દાટે તો ,, ૩ દિવસ

૧૩. ,, માતા-પિતાને ૩ રાત્રિ.

૧૪. બહેન (પરણેલી) પિતાને ઘેર મરે તો ભાઈને ૩ રાત્રિ.

૧૫. ,, ( ,, ) સાસરે મરે તો ભાઈને પક્ષિણી.

૧૬. ,, ને ભાઈનું સૂતક પક્ષિણી.

૧૭. ,, કુંવારીને દાટવામાં આવે તો એક રાત્રિ.

૧૮. બહેન, કુંવારીને દહન કરવામાં આવે તો ૩ રાત્રિ.

૧૯. બ્રાહ્મણને ૭ પેઢીમાં જનોઈવાળાનું ૧૦ દિવસ.

૨૦. ભિન્નપિતૃક સહોદર ભાઈનું ૩ રાત્રિ.

૨૧. માતા (ઓરમાન અથવા સાવકી)નું ૩ દિવસ.

૨૨. માતા-પિતાનું પુત્રને સંપૂર્ણ.

૨૩. ,, કુંવારી પુત્રીને પુત્રવત્ સંપુર્ણ.

૨૪. સમાનોદકમાં જનોઈવાળાનું સ્નાન.

૨૫. સપિંડ (૭ પેઢી)માં જનોઈવાળાનું ૧૦ દિવસ.

૨૬. દત્તક પુત્ર મરણ પામે તો ગોદ લેનાર મા-બાપને તથા સપિંડોને ૧૦ રાત્રિનું સૂતક લાગે; જ્યારે જનક મા-બાપને ૩ રાત્રિનું લાગે.

આ સુતક, સાત પેઢીમાંથી દત્તક લેવામાં આવ્યો હોય ત્યારે લાગે. પણ બાળકને બીજા કુળમાંથી દત્તક લેવામાં આવ્યો હોય તો જનક તથા પાલક મા-બાપને ૩ રાત્રિનું લાગે, અને સપિંડોને ૧ દિવસનું લાગે.

૨૭ દત્તકને, પાલક મા-બાપના મરણમાં ૧૦ રાત્રિ, તથા જનક મા-બાપના મરણમાં ૩ રાત્રિ.

# ૪. પરગોત્ર મરણાશૌચ

૧. અનુચાન (વિદ્વાન અંગ સહિત વેદ ભણાવનાર)નું ૧ રાત્રિ.

૨. અસપિંડનું મરણ જેને ઘેર થાય તેને ૩ રાત્રિ.

૩. આચાર્યનું શિષ્યને ૩ રાત્રિ.

૪. ગુરુનું શિષ્યને ૧ રાત્રિ.

૫. શિષ્યનું ગુરુને સ્નાન.

૬. ઋત્વિજનું યજમાનને પક્ષિણી.

૭. જમાઈનું સ્નાન.

૮. દાદાની તથા નાનાની બહેનો,
મામા-મામીઓ, તથા તેમની પ્રજાનું પક્ષિણી.
,, પોતાને ઘેર મરે તો ૩ દિવસ

૯. દૌહિત્ર, જનોઈ વગરનાનું પક્ષિણી.
૧૦. „ „ વાળાનું ૩ દિવસ.
૧૧. દૌહિત્રીનું, દાટવામાં આવે તો સ્નાન.
૧૨. „ દાહ કરવામાં આવે તો પક્ષિણી.
૧૩. નાના-નાનીનું ૩ રાત્રિ.
૧૪. પરણેલી પુત્રીને મા-બાપનું ૩ રાત્રિ.
૧૫. પરણેલી પુત્રીનું, પાંચ પેઢી સુધી સ્નાન.
૧૬. ફોઈનું પક્ષિણી.
૧૭. બંધુત્રયનું (જનોઈ પછી) પક્ષિણી.
૧૮. „ (દાટવામાં આવે તો) સ્નાન.
૧૯. „ (જનોઈથી પૂર્વે) ૧ દિવસ.
૨૦. „ સ્રીરૂપમાં, પુરુષ પ્રમાણે જ લાગે.
૨૧. „ નાં છોકરાંઓનું સ્નાન.
૨૨. બાળક મરેલું અવતરે તો સ્નાન.
૨૩. ભાણેજનું (દાટવામાં આવે તો) સ્નાન.
૨૪. „ (દાહ કર્યો હોય તો) પક્ષિણી.
૨૫. „ (જનોઈ વગરનાનું) પક્ષિણી.
૨૬. „ (જનોઈવાળાનું) ૩ દિવસ.
૨૭. મામા-મામીને ભાણેજનું (દાટે તો) સ્નાન.
૨૮. „ „ (દાહ કરે તો) પક્ષિણી.
૨૯. મામા વગેરેનું (એક ગામમાં મરે તો) ૩ રાત્રિ.
૩૦. „ (બીજા ગામમાં મરે તો) પક્ષિણી.

૩૧. મામા વગેરેનું (દેશાંતરમાં ૨૪ ગાઉ ઉપર મરે તો) ૧ રાત્રિ.

૩૨. મા-બાપનું પરણેલી પુત્રીને ૩ રાત્રિ.

૩૩. નાની, માસી, મામો (સગો કે સાવકો) મામી અને મિત્રનું પક્ષિણી.

૩૪. મામી (સાવકી)નું સ્નાન.

૩૫. સાળા, સાળાના પુત્ર તથા બનેવીનું સ્નાન.

૩૬. સાળીનું બનેવીને અને બનેવીનું સાળીને સ્નાન માત્ર.

૩૭. સસરા-સાસુનું જમાઇને પક્ષિણી.

૩૮. સહાધ્યાયીનું પક્ષિણી.

# ૫. અતિક્રાંતાશૌચ

૧ अ. એક દેશમાં, દશ દિવસનું સૂતક, દશ દિવસ વીતી ગયા પછી ત્રણ માસ સુધી સાંભળે તો ૩ રાત્રિ.

आ. એક દેશમાં, દશ દિવસનું સૂતક, છ માસ સુધી સાંભળે તો ૧ા રાત્રિ.

इ. એક દેશમાં, દશ દિવસનું સૂતક, નવ માસ સુધી સાંભળે તો ૧ દિવસ.

ई. એક દેશમાં, દશ દિવસનું સૂતક, બાર માસ પછી સાંભળે તો સ્નાન-જલદાન.

उ. પરદેશમાં, દશ દિવસ પછી સાંભળે તો સ્નાન.

# ૬. સન્નિપાત આશૌચ

## ( એકમાં બીજું સૂતક પડે તો )

૧. દશ દિવસના એક મરણ સૂતક ઉપર બીજું સૂતક દશ કે ત્રણ દિવસનું આવી પડે તો તે પહેલાની સાથે જ ઊતરી જાય.

૨. એક પીંડરુમાં બીજું પીંડરુ આવે તો પહેલાની સાથે ઊતરી જાય.

૩. એક ઉપર બીજું સૂતક દશમે દિવસે પડે તો વધારે ૨ દિવસ.

૪. એક ઉપર બીજું સૂતક દશમા દિવસની પાછલી રાત્રે પડે તો વધારે ૩ દિવસ.

૫. પરણેલી પુત્રીને દશાહ પછી મા-બાપનું ૧।। દિવસ.

૬. પિતાના નવ દિવસમાં માતાનું પડે તો વધારે પક્ષિણી.

૭. પિતાના દશમે દિવસે માતાનું પડે તો વધારે ૩।। દિવસ.

૮. પિતાના દશાહની પાછલી રાત્રે માતાનું પડે તો સંપૂર્ણ.

૯. માતાના આશૌચમાં પિતાનું પડે તો સંપૂર્ણ

૧૦. વધારાના બીજા દિવસોમાં બીજું પડે તો સંપૂર્ણ.

૧૧. સન્નિપાત આશૌચ-સુવાવડી, અગ્નિસંસ્કાર કરનારને અને મરનારના પુત્રોને સંપૂર્ણ.

૧૨. સપિંડોના સૂતકમાં મા-બાપનું પડે તો સંપૂર્ણ.

૧૩. સપિંડોના સૂતકમાં સ્રીનું પડે તો બાકીનું પૂર્વશેષ.

# ૭. મહત્ત્વની વાત

૧. શબને દિવસે અડકે તો રાત્રે તારાદર્શનથી શુદ્ધિ થાય અને રાત્રે શબને અડકે તો સૂર્યદર્શનથી શુદ્ધિ થાય છે. એટલે કે, તારાદર્શન કે સૂર્યદર્શન કરી, જનોઈ-કંઠી બદલી, ફરીવાર સ્નાન કરવાથી શુદ્ધિ થાય છે. પરંતુ માત્ર સ્મશાને જાય અને શબનો સ્પર્શ ન કરે તો બે વાર સ્નાન કરવાથી સુદ્ધિ થાય. એટલે કે એકવાર સર્વ ડાઘુઓ સાથે સ્નાન અને બીજી વાર ઘેર આવીને સ્નાન કરવું.

૨. શબનું મોઢું જોવાથી 'અપરસ' છોવાય. સેવામાં નહાતા હોય તેને અપરસ ન હોય તો પણ શબનું મોઢું જોવાથી સ્નાન લાગે.

૩. સૂતકીનું અન્ન ખાનારને સૂતકી પ્રમાણે સૂતક લાગે. એક વાર સૂતકીનું અન્ન ખાનારને બાકી રહેલા દિવસો સુધી સૂતક લાગે.

૪. શબ વહન કરનારને મરનારની જ્ઞાતિ મુજબ પૂરું સૂતક લાગે.

૫. ગામમાં જ્યાં સુધી શબ પડ્યું હોય ત્યાં સુધી ગામને સૂતક લાગે છે.

# ૮. આશૌચ (સૂતક) કોને નથી લાગતું

૧. સંન્યાસી, બ્રહ્મચારી, ચાન્દ્રાયણાદિ વ્રત કરતો હોય, રાજા, કારીગર, યજ્ઞની દીક્ષા જેણે લીધી હોય તેઓને જન્મ-મરણનું આશૌચ લાગતું નથી.

૨. તે જ પ્રકારે વિવાહ અથવા જનોઈના પ્રસ્તાવમાં નાન્દીમુખ શ્રાદ્ધ થઈ ચૂક્યું હોય, પાક સિદ્ધ થઈ ચૂક્યો હોય, યજ્ઞમાં બ્રાહ્મણોનું વરણ કરી મધુપર્ક સુધીની વિધિ થઈ ચૂકી હોય, શ્રીમદ્‌ભાગવત સપ્તાહ યજ્ઞમાં વક્તા–શ્રોતાનું વરણ થઈ ચૂક્યું હોય તો તે આરંભેલાં કાર્યો, સૂતક પડે તો પણ ન અટકે.

# ૮. સૂતકમાં નિયમ

સૂતકમાં તેલથી મર્દન ન કરવું; પલંગ ઉપર ન સુવું; અંગ ન દબાવવું; પાન ન ખાવું; ભૂમિ ઉપર કામળો કે ચટાઈ પાથરીને સૂવું; એક વખત ભોજન કરવું.

સૂતક ઊતરવાના આગલા દિવસે એકભુક્ત (એકટાણું) કરવું. કારણ કે સૂતકમાં ખાધેલું અન્ન જ્યાં સુધી પચે નહીં, ત્યાં સુધી સૂતકી પવિત્ર થઈ શકતો નથી–આવો સદાચાર છે.

સૂતકને છેલ્લે દિવસે ગામની બહાર જલાશય હોય ત્યાં સપિંડોની સાથે જઈ વપન, ક્ષૌર અથવા ચૌલ કરાવીને સ્નાન કરવું.

'વપન' એટલે કેવળ ચોટલી રાખીને માથાના તેમજ દાઢી–મૂછના કેશ ઊતરાવવા તે.

'ક્ષૌર' એટલે કેવળ ચોટલી રાખીને માથાના જ કેશ ઊતરાવવા તે.

'ચૌલ' એટલે માથાના બધા વાળ ઊતરાવવા તે.

# ૯. વપન આદિ ક્યારે કરાવવું

મામો-મામી, નાનો-નાની, સસરો, મોટો ભાઈ,દીક્ષા-ગુરુ, કાકા-કાકી, માતા-પિતા—આટલાની પછવાડે 'વપન' અવશ્ય કરાવવું.

સાવકી માતા, કાકા, મામા, અવસ્થાથી નાના હોય પણ દરજ્જાથી-સંબંધથી મોટા હોય તેની પાછળ 'વપન' અવશ્ય કરાવવું.

નાનાની મરણક્રિયાનો મોટાને કરવાનો પ્રસંગ આવે તો એણે માત્ર 'ક્ષૌર' કરાવવું.